# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-08-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. 79મા સ્વાતંત્ર્ય પર્વ  નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે લાલ કિલ્લા પરથી રોજગારી અને કરમાં રાહત અંગે મહત્વની જાહેરાતો કરી
2. મુખ્યમંત્રીએ નવા આયામો સિદ્ધ કરવા એજન્ડા ફોર-2035 અને ગ્રામ પંચાયતોના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજનાની જાહેરાત કરી
3. રાજ્યના તમામ જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વની ગૌરવભેર ઉજવણી.
4. અમરેલીમાં વ્હેલ માછલીની ઉલટી એમ્બરગ્રીસ સાથે બે વ્યક્તિની ધરપકડ.
5. આગામી 7 દિવસ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી-આજે ઉત્તર ગુજરાતનાં અનેક જિલ્લામાં વરસાદ

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## PM INDEPENDENCE DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના લાલ કિલ્લા પરથી 79મા સ્વતંત્રતા દિવસની ઉજવણીનું નેતૃત્વ કરી રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. શ્રી મોદીએ આજે દેશના યુવાનો

માટે એક લાખ કરોડ રૂપિયાના ખર્ચની પીએમ વિકસિત ભારત રોજગાર યોજનાની જાહેરાત કરી. આ યોજના હેઠળ, ખાનગી ક્ષેત્રમાં નવા રોજગાર મેળવનારા યુવાનોને એક મહિનાના EPF વેતન પ્રોત્સાહન તરીકે સરકાર 15 હજાર રૂપિયા સુધીની રકમ આપશે. વધુમાં, નવી રોજગારીની તકો ઉભી કરવા માટે નોકરીદાતાઓને પ્રતિ નવા કર્મચારી દીઠ મહિને 3 હજાર રૂપિયા સુધીની રકમ અપાશે. શ્રી મોદીએ કહ્યું કે , આ યોજના હેઠળ, ત્રણ કરોડ 50 લાખ યુવાનો માટે નવી રોજગારીની તકો ઉભી થશે. સંબોધન દરમિયાન શ્રી મોદીએ કહ્યું , ઓપરેશન સિંદૂર દરમિયાન આપણે મેડ ઇન ઈન્ડિયાની તાકાત જોઈ.

(બાઇટ : PM--MADE-IN-INDIA--OP-SINDOOR)

પ્રધાનમંત્રીએ આ દિવાળી સુધીમાં નેક્સ્ટ-જનરેશન GST સુધારાઓ રજૂ કરવાની જાહેરાત કરી હતી , જેનો ઉદ્દેશ્ય દૈનિક ઉપયોગની વસ્તુઓ પરના કર ઘટાડવાનો છે. તેમણે કહ્યું કે , આ સુધારાથી સામાન્ય માણસ , ખેડૂતો, મધ્યમ વર્ગ અને સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને રાહત મળશે અને આર્થિક પ્રવૃત્તિને વેગ મળશે. શ્રી મોદીએ જણાવ્યુ ખાનગી ક્ષેત્રની ભાગીદારી દ્વારા પરમાણુ ઊર્જાના વિસ્તરણ પર ભારતના ધ્યાન પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે હાલમાં દસ નવા પરમાણુ રિએક્ટર કાર્યરત છે.

(બાઇટ: PM--NUCLEAR-ENERGY)

# CM INDEPENDENCE DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે 79મા સ્વાતંત્ર્ય પર્વે મહાત્મા ગાંધીની જન્મભૂમિ પોરબંદરમાં રાષ્ટ્રભક્તિમય માહોલમાં ધ્વજવંદન કરાવી તિરંગાને સલામી આપી. રાજ્યકક્ષાની ઉજવણીમાં મહત્વની યોજનાઓની જાહેરાત કરતા શ્રી પટેલે જણાવ્યું, નવા આયામો સિદ્ધ કરવા સરકાર ‘સમૃદ્ધ રાજ્ય, સમર્થ નાગરિક’ના ધ્યેય

સાથે એજન્ડા ફોર-2035 લાવશે. આ ઉપરાંત જે ગ્રામ પંચાયતો તાલુકા મથક હોય અને નગરપાલિકામાં ભળી ન હોય તેવી ગ્રામ પંચાયતોનો સર્વાંગી વિકાસ કરી શહેરની જેમ વિકસાવવા અને ભૌતિક સુવિધાઓ ઊભી કરવા 100 કરોડ રૂપિયાની 'મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના' જાહેર કરાઇ છે.

(બાઇટ : CM ANNOUNCEMENT )

મુખ્યમંત્રીએ 'વોકલ ફોર લોકલ ' અને 'લોકલ ફોર ગ્લોબલ ' માટે સ્વદેશી અને સ્થાનિક ઉત્પાદનો ખરીદવા, ઉપયોગ કરવા અનુરોધ કર્યો.

આ કાર્યક્રમમાં ગુજરાત પોલીસના જવાનોએ અશ્વ શો, ડોગ શો, બાઈક શોના દિલધડક કરતબો રજૂ કર્યા.

# DISTRICTS INDEPENDENCE DAY

રાજ્યના તમામ જિલ્લામાં 79મા સ્વાતંત્ર્ય પર્વની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી. નાણાંમંત્રી કનુ દેસાઇ નવસારીના બિલિમોરા ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહ્યા. જ્યારે જામનગરમાં કેબિનેટ મંત્રી રાઘવજી પટેલ , વલસાડમાં બલવંતસિંહ રાજપૂત અને રાજકોટના તરઘડી ખાતે ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ગાંધીનગર રામકથા મેદાન ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહ્યા.  મહેસાણામાં વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતાના ઉજવણી કરવામાં આવી. સુરત શહેર અને જિલ્લામાં સ્વતંત્રતા પર્વની ઉજવણી અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિ લોપા દરબારનો અહેવાલ..

(વોઇસ કાસ્ટ : લોપા દરબાર)

સ્વાતંત્ર્ય પર્વની કચ્છની જિલ્લાકક્ષાની ઉજવણી ભચાઉના SRPF ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી. આ અંગે સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : હેમાંગ પટણી)

આ સિવાય અરવલ્લી , મોરબી કેન્દ્રશાસિત પ્રદેશ દીવ , અમરેલી , બનાસકાંઠામાં સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી.

# AMRELI AMBEGRIS

અમરેલીમાં વ્હેલ માછલીની ઉલટી એમ્બરગ્રીસ સાથે બે વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. બાતમીના આધારે સ્થાનિક ગુના શાખાએ કાર્યવાહી કરતાં બંને શખ્સ પાસેથી 2 કિલોથી વધુની એમ્બરગ્રીસના ત્રણ ટુકડા મળી આવ્યા હતા. આ એમ્બરગ્રીસની કિંમત 2 કરોડ રૂપિયાથી વધુની આંકવામાં આવી છે. પૂછપરછમાં જાણવા મળ્યું કે આરોપીઓને આ એમ્બરગ્રીસ તળાજા તાલુકાના રાજપરા ગોપનાથના દરિયા કિનારેથી માછીમારી દરમિયાન મળી આવી હતી. પોલીસે જપ્ત કરેલી એમ્બરગ્રીસ વન વિભાગને સોંપવામાં આવી છે. વન વિભાગ FSL પરીક્ષણ કરાવશે અને વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ આગળની કાર્યવાહી કરશે.

# GUJARAT RAIN

રાજ્યમાં વરસાદનો વધુ એક રાઉન્ડ શરૂ થયો છે. આજે બપોરે બાદ રાજ્યના વાતાવરણમાં પલટો આવતા આજે 39 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સાબરકાંઠા , અરવલ્લી, મહીસાગરમાં આજે ભારે વરસાદ પડ્યો હતો. રાજ્યમાં અત્યાર સુધી મોસમનો 65 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. અત્યાર સુધી પડેલા વરસાદને કારણે રાજ્યના 52 જળાશય હાઇ એલર્ટ પર છે. જ્યારે 26 એલર્ટ પર છે.

# WEATHER FORECAST

આગામી 7 દિવસ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગે 18 થી 20 ઓગસ્ટ દરમિયાન ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આજે દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના નિયામક ડો. એ.કે.દાસે જણાવ્યુ કે આવતીકાલથી પાટણ સિવાયના તમામ જિલ્લાઓમાં અતિભારે વરસાદની આગાહી છે.

આ સમયગાળા દરમિયાન, માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે. 21 ઓગસ્ટથી વરસાદનું જોર ઘટવાની શક્યતા છે.